**GJAH020130542026**

## અમદાવાદના મે.અધીક સત્ર ન્યાયાધીશ સાહેબની કોર્ટ નં.૨૫ સમક્ષ

**ફોજદારી પરચુરણ અરજી નં.૫૭૪૦/૨૦૨૬**

| | |
|---|---|
| **અરજદાર/આરોપી** | નિતેષ ઉર્ફે દિનુ કાયમસિંહ તોમર |
| **સામાવાળા** | શ્રી સરકાર |
| **અરજદાર તરફે** | વિદ્વાન વકીલશ્રી એચ.બી.સોંધરવા |
| **સામાવાળા તરફે** | વિ.એડી.પી.પી.શ્રી એચ.આર.શાહ |
| **બાબત - વચગાળાના જામીન ઉપર મુકત કરવા અરજી** | |

/// **આંક-૧ નીચે હુકમ** ///

(૧) સદર કામે અરજદાર/આરોપી તરફે હાલની અરજી નિકોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૫૨૫૦૩૬૭/૨૦૨૫ના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩-૧, ૧૧૮-૧, ૧૧૫(૨), ૨૯૬-બી, ૫૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫-૧ વિગેરે મુજબના ગુનાના કામે વચગાળાના દિન-૩૦ના જામીન મેળવવા કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી એચ.બી.સોંધરવા અત્રેની કોર્ટમાં હાજર થઇ અરજીમાં જણાવેલ હકીકતો પોતાની રજૂઆતમાં જણાવેલ છે અને વિષેશ રજૂઆતમાં જણાવેલ છે કે, અરજદાર આરોપીના પરિવારમાં વૃધ્ધ માતા, પત્ની તથા બે પુત્રો છે. અરજદારના જેલમાં ગયા બાદ અરજદારના પરિવારમાં કમાવનાર કોઇ ન હોય, અરજદારના પરિવારની આર્થિક પરિસ્થિતિ ખુબ જ ખરાબ થઇ ગયેલ છે. અરજદારના બંને પુત્રો અભ્યાસ કરી રહેલા છે અને તેમની ટ્યુશન ફી બાકી છે. જેથી અરજદારના બાળકોના ભવિષ્ય પર ખરાબ અસર થઇ રહેલ છે. અરજદાર પર પોતાના પરિવારના ભરણપોષણની જવાબદારી રહેલી છે. જેથી અરજદારને વચગાળાના જામીન આપવામાં આવે તો તેઓ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવામાં આર્થીક રીતે મદદ કરી શકે તેમ છે તેમજ પોતાના બાળકોના અભ્યાસ માટે ફી ભરી શકે તેમ છે. વધુમાં અરજદાર આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાત્રી આપે છે. તે તમામ સંજોગો ધ્યાને લઇ આરોપીને દિન-૩૦ના વચગાળાના જામીન પર મુક્ત કરવા માટે અરજ ગુજારેલ છે.

(૩) અરજદારની અરજી સામે ફરિયાદપક્ષે નોટીસ કાઢતા સામાવાળા/શ્રી સરકાર તરફે વિદ્વાન એડી.પી.પી.શ્રી હાજર થયેલ છે અને તેઓએ તપાસ કરનાર અમલદારની એફીડેવીટ આંક-પથી રજૂ કરી પોતાની રજૂઆતમાં જણાવેલ છે કે, હાલના અરજદાર મર્ડર જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા છે. જેથી અરજદાર આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો તેઓ ફરિયાદપક્ષના સાક્ષીઓને લોભ લાલચ આપી કે ડરાવી ધમકાવી તોડવા ફોડવા પ્રયત્ન કરે તેવી પુરી શક્યતા રહેલી છે. અરજદાર મુળ મધ્યપ્રદેશના વતની છે અને અરજદાર વિરૂધ્ધ હાલના ગુના સિવાય અન્ય સાત ગુના નોંધાયેલ છે, તેમજ અરજદારને તડીપાર કરવામાં આવેલ છે તેમજ અરજદારને પાસા પણ કરવામાં આવેલ છે. જેથી ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઇ હાલની અરજી નામંજુર કરવી જોઇએ.

(૪) સદર કામમાં અરજદાર આરોપીની હાલની જામીન અરજીની હકીકત, અરજદાર આરોપી તરફે રજૂઆત તથા સરકાર પક્ષે વિ.એડી.પી.પી.શ્રીની રજૂઆત, તપાસ કરનાર અમલદારની એફીડેવીટ તેમજ રજૂ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. અરજદાર આરોપી તરફે હાલની અરજી પોતાના પરિવારને આર્થિક રીતે મદદરૂપ થવા માટે તથા પોતાના બાળકોની ટ્યુશન ફી ભરવા માટે કરેલ છે, પરંતુ આ મુદ્દાને લાગે વળગે છે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૩-૧, ૧૧૮-૧, ૧૧૫(૨), ૨૯૬-બી, ૫૪ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫-૧ વિગેરે મુજબના ગંભીર ગુનાના આક્ષેપ છે. વધુમાં તપાસ કરનાર અમલદારની એફીડેવીટ વંચાણે લેતા હાલના અરજદારે અન્ય આરોપીઓ સાથે મળી મરણજનારને ચપ્પા વડે ગળાના ભાગે ગંભીર ઇજા કરી મોત નિપજાવેલ હોવાના આક્ષેપ છે. વધુમાં તપાસ કરનાર અમલદારની એફીડેવીટ વંચાણે લેતા અરજદાર વિરૂધ્ધ હાલના ગુના સિવાય અન્ય સાત ગુના નોંધાયેલ છે, તેમજ અરજદારને તડીપાર કરવામાં આવેલ છે અને અરજદાર વિરૂધ્ધ પાસા પણ કરવામાં આવેલ છે. આમ, હાલના અરજદાર ગુનાહિત ઇતિહાસ ધરાવતા હોય, મર્ડર જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા હોય, અરજદારને જામીન મુક્ત કરવામાં આવે તો તેઓ યેનકેન પ્રકારે ફરિયાદપક્ષના સાહેદોને લોભ લોલચ આપી કે ડરાવી ધમકાવી તોડવા ફોડવા પ્રયત્ન કરે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી તેમજ અરજદાર મુળ મધ્યપ્રદેશના વતની હોય વચગાળાના જામીન પર મુક્ત થઇ નાસી ભાગી જાય તેવી શક્યતા પણ નકારી શકાય તેમ નથી. જેથી ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતા અરજદાર/આરોપી તરફે હાલની અરજીમાં જામીન માટે જે કારણ આપેલ છે તે યોગ્ય, પુરતું અને ન્યાયિક જણાઇ આવતું નથી. જેથી આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવા પાત્રના સંજોગો જણાતા ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

/// **<u>હુ ક મ</u>** ///

૧) હાલની વચગાળાની જામીન અરજી રદ્દ એટલે કે નામંજુર કરવામાં આવે છે.

- આ હુકમ આજરોજ તા.૧૩મી ઓગષ્ટ, ૨૦૨૬ના રોજ અમદાવાદ મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**(સમીર રતીલાલ સાંગાણી)**
**જજ, સિટી સિવીલ એન્ડ સેશન્સ કોર્ટ**
**અમદાવાદ - જીજે ૦૧૦૪૬**

// **Mori** //